**મહે. લેબર કોર્ટ અમદાવાદના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**

**ન્યાયાધીશ (જે.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૫૪૮/૨૦૨૦**

**આંક–**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી અને બોનસ ચુકવણી નિરીક્ષકશ્રી, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– (૧) યાસીનભાઈ ઈસ્માઈલભાઈ કચરાજીવાલા**
રાજેશ્રી શ્રીન પ્રિન્ટર્સ,
૨૧૦/૧, મક મસ્જીદ પાસે,
દાણીલીમડા, અમદાવાદ.

આરોપી તરફે વિ.વ.શ્રી. :

**ગુન્હો:– ના ભંગ બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ ની કલમ –૧૯(બી) અને ૨૭(૪) અન્વયે કલમ ૨૮ મુજબનો ગુનો.**

**<u>–: ચૂ કા દો :–</u>**

**(૧)** ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :–

આ કામના ફરિયાદી બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ની કલમ ૨૭(૧) અન્વયે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. તેઓએ તા.૧૯/૧૧/૨૦૧૯ ના રોજ આ કામના આરોપીના સંસ્થાની મુલાકાત લઈ તપાસ કરતા જાણવા મળેલ કે, તહોમતદારે સદરહુ કાયદાની કલમ ૨૬ અન્વયે રાખવાના થતાં રજીસ્ટરો રજુ કરેલ નહીં અને તેઓ પાસે સને–૨૦૧૯–૨૦ ના વર્ષના નફા– નુકશાન ખાતાઓ તેમજ પાકા સરવૈયાઓની નકલો તથા બોનસ પત્રક (એ), (બી), (સી) અને (ડી) માંગવા છતાં રજુ નહીં કરીને નિયમોનો ભંગ કરી કલમ ૧૯(બી) અને ૨૭(૪) નો ભંગ કરી કલમ–૨૮ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

આ સંદર્ભની ફરિયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજુ થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરેલ હોઈ,સદર ફરીયાદ કોવીડ–૧૯ ના કારણસર વેરીફીકેશન માટે મુલ્તવી રાખેલ હોય અને આ કામે ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તથા

નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ સમયમર્યાદાની જોગવાઈઓ ધ્યાને લઈને તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) તે સંદર્ભે આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી તેમના વકીલ સાથે હાજર થયેલ અને આંક–૦૬ થી ગુનો કબુલ કરતા હોવાની પુરસીસ રજુ કરેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. તેમજ અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીએ તેઓની સામે પ્રથમ ગુનો હોય તેવું જણાવી ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે તેમજ મૌખિક રીતે ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામમાં ફરિયાદી પક્ષ તરફે કોઈ હાજર નથી. આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ ની કલમ ૨૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. વધુમાં તે સંદર્ભે કાયદામાં જે સજાની ન્યુનતમ જોગવાઈ છે, તે ધ્યાને લેતા તેમજ આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોય અને આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, તેમજ સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે તમામ

હકીકતો ધ્યાને ધ્યાને તેમજ ખાસ સવિશેષ *નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-: હુકમ ::-**

(૧) આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ ની કલમ ૨૭(૧)** ના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ ૨૮ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને સદરહુ ગુના સંદર્ભે **રૂા. ૫૦૦/- × ૨ નિયમ × ૧ આરોપી = રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી વતી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો દિનેશ પ્રજાપતિનાઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**(એન.આર.વધવાણી)**
**CODE : GJ01368**
**જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (જુનીયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**